The Scottish Government
Riaghaltas na h-Alba

# નેશનલ કેર સ્ટાન્ડર્ડ્ઝ

## હાઉસિંગ સપોર્ટસ સર્વિસ

સપ્ટેમ્બર 2013

ડિગ્નીટી

ગોપનીયતા

પસંદગી

સુરક્ષા

સંભાવ્યતાની પ્રતીતી કરતા

સમાનતા અને વૈવિધ્યતા

© ક્રાઉન કોપીરાઇટ 2013

તમે આ જાણકારીને (લૉગો અને ચિત્રો સિવાય) ફરીથી કોઈ પણ ફોર્મેટ કે માધ્યમમાં ખુલ્લા સરકારી લાયસંસ હેઠળ વાપરી શકો છો. આ લાયસંસ જોવા માટે, મુલાકાત લો http://www.nationalarchives.gov.uk/doc/open-government-licence/ અથવા ઈમેલ કરો: psi@nationalarchives.gsi.gov.uk.

જ્યાં અમે કોઈ ત્રિજા પક્ષ કોપીરાઈટ જાણકારી ઓળખી આપી છે જેની તમને સંબંધિત કૉપીરાઈટ ધારક પાસેથી પરવાનગી મેળવવાની જરૂર પડશે.

ISBN: 978-1-78256-869-8 (web only) Gujarati

The Scottish Government
St Andrew's House
Edinburgh
EH1 3DG

APS ગ્રુપ દ્વારા સ્કોટ્ટિશ સરકાર માટે નિર્માણ કરવામાં આવેલ છે.
DPPAS14688 (09/13)

સ્કોટ્ટિશ સરકાર દ્વારા સપ્ટેમ્બર 2013માં પ્રકાશિત

# નેશનલકેરસ્ટાન્ડર્ડ્ઝ

## હાઉસિંગ સપોર્ટસ સર્વિસ

ડિગ્નીટી

ગોપનીયતા

પસંદગી

સુરક્ષા

સંભાવ્યતાની પ્રતીતી કરતા

સમાનતા અને વૈવિધ્યતા

# સૂચિ

પૃષ્ઠ

**પરિચય** 3

**સેવાનો ઉપયોગ કરતા પહેલા (ધોરણો 1થી 4)** 13
1 જાણ કરવી અને નિર્ધારણ 15
2 તમારા કાનૂની હક્કો 16
3 સંચાલન અને કર્મચારી ગોઠવણીઓ 17
4 નિવાસ સહાય આયોજન 19

**સેવાનો ઉપયોગ કરતા પહેલા (ધોરણો 5થી 8)** 21
5 જીવનશૈલી - સામાજિક, સાસ્કૃતિક અને ધાર્મિક માન્યતા અથવા વિશ્વાસ 23
6 પસંદગી અને સંદેશાવ્યવહાર 24
7 તમારા હક્કોનો ઉપયોગ કરતા 25
8 તમારો મંતવ્યો વ્યક્ત કરતા 26

**સેવા છોડી દેવી અથવા અંત આણવો (ધોરણ 9)** 27
9 સેવામાંથી છુટા થવાનું કે અંત આણવાનું પસંદ કરતા 28

**જોડાણ A: પારિભાષિક શબ્દો** 29
**જોડાણ B: ઉપયોગી સંદર્ભ સામગ્રી** 31

# પરિચય

નેશનલકેરસ્ટાન્ડર્ડ્ઝ
હાઉસિંગ સપોર્ટસ સર્વિસ

# પરિચય

## નિવાસ સહાય સેવા

વિવિધ પ્રકારની જરૂરિયાતોના કાલ્પનિક પ્રતિભાવ તરીકે વર્ષો વિતવાની સાથે નિવાસ સહાય સેવા વિકસાવવામાં આવી છે. નિવાસ સહાય સેવા લોકને સમાજમાં સ્વતંત્ર રીતે જીવવામાં, ચાહે ગમે તેટલો સમય હોય, છતા મદદગાર નીવડવી જોઇએ. રહેવા માટે એક જ સ્થળ ધરાવવું અને રાખવું એ ઘણા અંશતઃ નિર્ભળ લોકો માટે આવશ્યક છે જેઓને તેમના પોતાના ઘરમાં રહેવાની ઇચ્છા હોય છે.

તેની સાથે લોકોનો મોટો સમુદાય કે જે નિવાસ સહાય પ્રાપ્ત કરે છે તે આશ્રિત નિવાસોમાં રહેતા વૃદ્ધો છે, જેમાં તેમના જીવને વધુ સરળ બનાવવા માટે મદદ કરવા જેવા લક્ષણોનો સમાવેશ થાય છે. પતન અથવા અન્ય આકસ્મિકતાના સંજોગોમાં સામાન્ય રીતે કોમ્યુનિટી ચેતવણી અથવા ટેલિકેર સેવા હોય છે અને કેટલીક યોજનાઓ તેમના પોતાના વોર્ડન અથવા આશ્રિત નિવાસ મેનેજર ધરાવતા હોય છે.

જોકે ચોક્કસ પ્રકારની જરૂરિયાતો ધરાવતા વિવિધ પ્રકારના લોકો નિવાસ સહાય સેવા પ્રાપ્ત કરી શકે છે, જેમાં ઘરવિહોણા લોકો, આશ્રિતો, ઘરેલું હિંસાને કારણે નાસી જતી સ્ત્રીઓ, લાંબા ગાળાની માંદગી ધરાવતા લોકો, શારીરિક વિકલાંગતા અને શીખવાની વિકલાંગતા ધરાવતા લોકો, ભૂતકાળના અપરાધીઓ, ડ્રગ અને શરાબ સંબંધિત મુશ્કેલીઓ ધરાવતા લોકો અને અન્યો કે જેમને સહાયની જરૂર હોય તેમનો સમાવેશ થાય છે. તેઓ સવલત હંગામી ધોરણે હોય (ઉદાહરણ તરીકે કટોકટીમાં) અથવા તેમને જ્યારે પુનઃ નિવાસ ફાળવવામાં આવે ત્યારે તેઓ આ સેવાનો ઉપયોગ કરી શકે છે.

સહાયક સવલત નમૂનાઓની બહોળી રેન્જ છે, જેમાં સાઇટપર વોર્ડનની સહાય સાથે 30 અથવા 40 સ્વ-સમાવિષ્ટ સવલત એકમો સાથે આશ્રિત નિવાસો, સામુદાયિક સવલતો અને કોલ સિસ્ટમ્સ, ઘરવિહોણી હોસ્ટેલ્સ, જૂથ ઘરો કે જ્યા લોકો રહેણાંક અથવા મુલાકાત લેનારા નિવાસ સહાય વર્કરો દ્વારા સવલતોની વહેંચણી કરે છે, વ્યક્તિગત છૂટાછવાયા અથવા સાનુકૂળ સહાય સાથે સામૂહિક નિવાસ, સાધનોનો દુરુપયોગ કરવાની મુશ્કેલીઓ ધરાવતી વ્યક્તિઓ માટે ‘વેટ નિવાસો’ નો સમાવેશ થાય છે.

તે ક્ષણે ભાડા કરારના ભાગરૂપે નિવાસ સહાય સેવા પૂરી પાડવામાં આવે છે અથવા મલિક દ્વારા શરૂ કરવામાં આવે છે. જે સવલતોમાં રહે છે તે લોકોને કેટલીક સેવાઓ આપવામાં આવે છે તે સ્થાનિક ઓથોરિટીના કબ્જા કરાર હેઠળ નોંધાયેલી છે. નિવાસ સહાય સેવાઓ સપ્તાહના એક કલાકથી લઇને 24 કલાકના રહેણાંક સહાય સુધીની હોઇ શકે છે.

## નિવાસ સહાય શું છે?

નિવાસ સહાય સેવાઓ લોકોને સમુદાયમાં શક્ય હોય ત્યાં સુધી સ્વતંત્ર રીતે રહેવામાં મદદ કરે છે. તેમને તેમનું પોતાનું ઘર અથવા સવલત જેમ કે આશ્રિત નિવાસ અથવા ઘરવિહોણા લોકો માટે હોસ્ટેલ પૂરી પાડવામાં આવે છે. નિવાસ સહાય સેવાઓ લોકોને તેમના ઘરનું વિવિધ માર્ગે સંચાલન કરવામાં મદદ કરે છે. તેમાં સામાજિક કલ્યાણના ફાયદાઓનો દાવો કરવા માટે સહાય, ફોર્મ ભરવા, ઘરના ખર્ચની વ્યવસ્થા કરવી, સુરક્ષિત અને સલામત રાખવા, તજજ્ઞની સેવાની મદદ લેવી, ફરનીચર અને ફર્નીસીંગ પ્રાપ્ત કરવા, ખરીદી અને ઘરના કામમાં મદદનો સમાવેશ થાય છે. પૂરી પાડવામાં આવેલા સહાયનો પ્રકારનો ઉદ્દેશ વ્યક્તિગતની ચોક્કસ જરૂરિયાતોને પૂરી કરવાનો છે.

## નવું કાયદાકીય માળખું

સ્કોટ્ટીશ સરકારે નવી નીતિ અને ભંડોળ વ્યવસ્થા રજૂ કરી છે જેમાં પણ સૌપ્રથમ વખત નિવાસ સહાય સેવાના નિયમનનો સમાવેશ કરવામાં આવ્યો છે. હાઉસિંગ (સ્કોટલેન્ડ) કાયદો 2001ની કલમ 91 (8) સ્થાનિક સત્તાવાળાને જે તે વ્યક્તિના એકમાત્ર અથવા મુખ્ય ઘર માટે પૂરી પાડવામાં આવતી નિવાસ સહાય સેવાને ભંડોળ પૂરું પાડવાની સત્તા આપે છે. તેનોઅર્થ એ કે જે લોકો માલિકના કબ્જાવાળા નિવાસોમાં રહે છે તે લોકો પણ તેના માટે લાયક બનશે. હાઉસિં એક્ટ પ્રિસ્ક્રાઇબ્ડ હાઉસિંગ સપોર્ટ સર્વિસીઝ SSI 444/2002ની આ કલમ હેઠળ જે નિયમનો બનાવવામાં આવ્યા છે તેમાં નિવાસ સહાય સેવાઓની વિગતવાર વ્યાખ્યાઓનો સમાવેશ થશે. રેગ્યુલેશન ઓફ કેર (સ્કોટલેન્ડ) કાયદો 2001ની કલમ 2 (27) આ સેવાઓનું નિયમન પૂરું પાડે છે.

## નેશનલ કેર સ્ટાન્ડર્ડઝ (રાષ્ટ્રીય સંભાળ ધોરણો)

રાષ્ટ્રીય ધોરણો વિકસાવવા માટે સ્કોટ્ટીશ પ્રધાનોએ નેશનલ કેર સ્ટાન્ડર્ડઝ કમિટી (એનસીએસસી)ની સ્થાપના કરી છે. એનસીએસસી એ આ કાર્ય અસંખ્ય કામગીરી જૂથોની મદદથી હાથ ધર્યું હતું. આ જૂથોમાં જે લોકો સેવાનો વપરાશ કરે છે, તેમના પરિવારો અને સંભાળ લેનારાઓ, તેની સાથે કર્મચારીઓ, વ્યાવસાયિક સંગઠનો, આરોગ્ય અને સામાજિક સંભાળના નિયામકો, સ્થાનિક સત્તાવાળાઓ આરોગ્ય બોર્ડઝ અને સ્વતંત્ર સેવા પૂરી પાડનારાઓનો સમાવેશ થાય છે. અન્ય લોકોને પણ મસલતી પ્રક્રિયામાં સામેલ કરવામાં આવ્યા હતા.

પરિણામે જે લોકો સેવાનો વપરાશ કરતા હતા તેવા લોકોની દ્રષ્ટિએ ધોરણો વિકસાવવામાં આવ્યા છે. તે સેવા પૂરી પાડનાર પાસેથી પ્રત્યેક વ્યક્તિ શું આશા રાખી શકે છે તે વર્ણવે છે.

તે જે વ્યક્તિ સેવાનો વપરાશ કરે છે તે ખરેખર કેવું અનુભવે છે તેના જીવનની ગુણવત્તા પર ભાર મુકે છે.

ધોરણોને જે તે શીર્ષક હેઠળ એકઠા કરવામાં આવ્યા છે જે જે વ્યક્તિની આ સેવા દ્વારાની મુસાફરીને (અનુભવ) અનુસરે છે. તે નીચે પ્રમાણે છે.

### સેવાનો ઉપયોગ કરતા પહેલા (1થી 4)

1 જાણ કરવી અને નિર્ધારણ
2 તમારા કાનૂની હક્કો
3 સંચાલન અને કર્મચારી ગોઠવણીઓ
4 નિવાસ સહાય આયોજન

### સેવાનો ઉપયોગ કરવો (ધોરણો 5થી 8)

5 જીવનશૈલી - સામાજિક, સાસ્કૃતિક અને ધાર્મિક માન્યતા અથવા વિશ્વાસ
6 પસંદગી અને સંદેશાવ્યવહાર
7 તમારા હક્કોનો ઉપયોગ કરતા
8 તમારો મંતવ્યો વ્યક્ત કરતા

### સેવા છોડી દેવી અથવા અંત આણવો (ધોરણ 9)

9 સેવા છોડી દેવી કે અંત આણવો

### રાષ્ટ્રીય સંભાળ ધોરણોનો ઉપયોગ કરવો

જો તમે નિવાસ સહાય સેવાનો ઉપયોગ કરવા વિશે વિચારી રહ્યા હોય તો તમને નિર્ણય લેવામાં મદદ મળી રહે તે માટે તમારે ધોરણો જોવાની જરૂર પડશે. તમારે નીચેના સાથો ધોરણોની ચર્ચા કરવાની જરૂર રહેશેઃ

- તમારા સામાજિક કાર્યકર અથવા સંભાળ મેનેજર, જો તમારી પાસે કોઇ એક હોય તો, અથવા
- તમારી વતી કામ કરી શકે તેવા કોઇ પણ, ઉદાહરણ તરીકે તમારા વકીલ અથવા અન્ય સ્વતંત્ર પ્રતિનિધિ.

જો કંઇ ખોટું થતુ હોય તો તમે ચિંતા વ્યક્ત કરવા માટે અથવા ફરિયાદ કરવા માટે ધોરણો જોઇ શકો છો. (જુઓ ‘તમારા મંતવ્યો વ્યક્ત કરતા’, ધોરણ 8)

સેવા પૂરી પાડનારાઓ નિવાસ સહાય સેવાઓ પૂરૂ પાડવામાં તેઓ શું ઇચ્છે છે તે શોધી કાઢવા માટે ધોરણોનો ઉપયોગ કરશે. ધોરણો એ બાબત સ્પષ્ટ કરે છે કે સવા વિશેની તમામ બાબત તમને જીવનની સારી ગુણવત્તા તરફ દોરી જાય છે. તેઓ માલિકને અથવા

મેનેજરને કોને રોજગારીએ રાખવા જોઇએ અને તેમણે સેવાનું કેવી રીતે સંચાલન કરવું જોઇએ તેનું માર્ગદર્શન આપવું જોઇએ.

બહુ થોડા કિસ્સાઓમાં લોકોને ધી મેન્ટલ હેલ્થ (સ્કોટલેન્ડ) કાયદો 1984 અથવા ધી એડલ્ટ વિથ ઇનકેપેસિટી (સ્કોટલેન્ડ) કાયદો 2000 હેઠળના ફરજિયાત હુકમો લાગુ પડી શકે છે. આ હુકમો એવી રીતે માઠી અસર કરી શકે છે જેમાં કેટલાક ધોરણો પૂરા પાડવામાં આવે છે. જો આ તમને માઠી અસર કરતા હોય તો, ધોરણમાં કંઇક વિસંગતિ હોવીં જોઇએ અને તે વિસંગતિ માટે કાયદેસરનુ કારણ હોવું જોઇએ જે તમારા અંગત પ્લાનમાં દર્શાવવામાં આવશે. તે પ્રવર્તમાન કાયદાના સિદ્ધાંતો અને કાનૂની જરૂરિયાતો અનુસારના રહેશે.

## ધોરણો પાછળનો સિદ્ધાંત

ધોરણો સિદ્ધાંતોના સેટ પર આધારિત છે. સિદ્ધાંતો તેમની જાતે જ ધોરણો નથી પરંતુ તમે નાગરિક તરીકે જે હક્કોને ઓળખો છે તેનું પ્રતિબીંબ પાડે છે. આ સિદ્ધાંતો એનસીએસસી દ્વારા, તેના કાર્યકારી જૂથો અને દરેક કે જે ધોરણો જેમ લખાય છે તેમ તેની પરની મસલત સામે પ્રતિભાવ આપે છે તેમના દ્વારા દરેક યોગદાનોનું પરિણામ છે. સેવાઓ ઉપયોગ થઇ શકે તેવી હોવી જોઇએ અને જે લોકોને તેની જરૂર છે તેમના માટે યોગ્ય છે, જેમા કાળા અને એથનિક લઘુમતી સમાજોનો પણ સમાવેશ થાય છે. તમારો સેવા પ્રાપ્ત કરવાનો અનુભવ અત્યંત અગત્યનો છે અને સકારાત્મક હોવો જોઇએ અને તેનો તમને અધિકાર છે તેવું મજબૂત બંધન તે પ્રદર્શિત કરે છે.

## મુખ્ય સિદ્ધાંતો

સિદ્ધાંતો શ્રેષ્ઠતા, ગોપનીયતા, પસંદગી, સુરક્ષા, સંભાવ્યતાની પ્રતીતી અને સમાનતા અને વૈવિધ્યતા છે.

## શ્રેષ્ઠતા (ગૌરવયુક્ત વર્તન)

તમારા અધિકારો છેઃ

- દરેક સમયે ગૌરવયુક્ત અને સન્માનપૂર્વક વર્તન કરવામાં આવે અને
- સામાજિક સંબંધોની સંપૂર્ણ કક્ષા માણો.

## ગોપનીયતા

તમારા અધિકારો છેઃ

- સન્માનપૂર્વક તમારી ગોપનીયતા અને મિલકત ધરાવો અને તમારી જરૂરિયાત અને ઇચ્છા હોય તે પ્રમાણે સમય, અવકાશ અને સવલતો અને
- તમારા અને દરેક માટે જ્યા સુધી સુરક્ષિત હોય ત્યાં સુધી અતિક્રમણથી મુક્ત રહો.

## પસંદગી

તમારા અધિકારો છે:

- સમાન વસ્તુ કરવા માટે અન્ય લોકોના અધિકારોની ઓળખી કાઢતા સુમાહિતગાર પસંદગીઓ કરો,
- પસંગીઓની વિવિધ કક્ષાઓ વિશે જાણો અને
- તમારા માટે યોગ્ય હોય તેવા દરેક વિકલ્પોને સંપૂર્ણ રીતે સમજવા માટે મદદ લો અને તેની પસંદગી કરો.

## સુરક્ષા

તમારા અધિકારો છે:

- આરોગ્ય અને સુખાકારી સહિત જીવનના દરેક તબક્કામાં સુરક્ષા અને સલામતી અનુભવો
- સુરક્ષા અનુભવો પરંતુ વધુ પડતું રક્ષણ નહી અને
- શોષણ અને નિંદાથી મુક્ત રહો.

## સંભાવ્યતાની પ્રતીતી કરતા

તક પ્રાપ્ત કરવાનો તમારો અધિકાર છે:

- કરી શકો એટલું પ્રાપ્ત કરો,
- તમને ઉપલબ્ધ હોય તેવા સ્ત્રોતોનો સંપૂર્ણ ઉપયોગ કરો અને
- તમારા જીવનની મોટા ભાગની બાબતો કરો.

## સમાનતા અને વૈવિધ્યતા

તમારા અધિકારો છે:

- હેતુ, અર્થ અને અંગત પૂર્ણતાની દ્રષ્ટિએ શ્રેષ્ઠ એવું સ્વતંત્ર જીવન જીવો;
- તમારા એથિનક, ભાષા, સંસ્કૃતિ અને વિશ્વાસનું મુલ્ય આંકતા રહો;
- બળજબરી, પજવણી અને ભેદભાવ મુક્ત સમાનતા પ્રાપ્ત કરો અને જીવો; અને
- શિકાર બનવાનો ભય રાખ્યા સિવાય અસરકારક રીતે ફરિયાદ કરવા માટે સક્ષમ રહો.

## કેર રેગ્યુલેશન (સંભાળના નિયમન) માટે સ્કોટ્ટીશ કમિશન

ધી રેગ્યુલેશન ઓફ કેર (સ્કોટલેન્ડ) એક્ટ 2001 (કાયદો) એ કેર કમિશનની સ્થાપના કરે છે, જે કાયદા હેઠળ નિયમન કરવામાં આવતી દરેક સેવાઓની નોંધણી અને નિરીક્ષણ કરે છે, તેમજ સ્કોટ્ટીશ પ્રધાનો દ્વારા જારી કરવામાં આવેલા રાષ્ટ્રીય સંભાળ ધોરણોને ધ્યાનમાં લે છે. કેર કમિશન દેશભરમાં પ્રાદેશિક ઓફિસો સાથે તેનું વડુ મથક ડૂંડીમાં ધરાવે છ. જે લોકો નિવાસ સહાય સેવા પૂરા પાડવામાં આવે તેવું ઇચ્છતા હોય તેવા લોકની અરજીનું મુલ્યાંકન કરશે. સેવાઓ નિયમનોના હેતુઓને પૂર્ણ કરતી હોય તેની ખાતરી રાખશે અને આવું કરવાથી તે રાષ્ટ્રીય સંભાળના ધોરણોને ધ્યાનમાં રાખશે. કેર કમિશન વિશે અને તે શું કરે છે તે અંગે વધુ તેની વેબસાઇટ (www.carecommission.com) પરથી મેળવી શકો છો.

## સ્કોટ્ટીશ સોશિયલ સર્વિસીઝ કાઉન્સિલ

કાયદાએ સ્કોટ્ટીશ સોશિયલ સર્વિસીઝ કાઉન્સિલ (“કાઉન્સિલ”)ની રચના કરી હતી, જેણે 1 ઓક્ટોબર 2001ના રોજ સ્થાપના કરી હતી. તે ડૂંડીમાં પોતાનું વડુમથક પણ ધરાવે છે. આચારના ઊંચા ધોરણે પ્રોત્સાહન આપવાની સામાજિક સેવા કામદારોમાં અને તેમના શિક્ષણ અને તાલીમમાં તેનો મહાવરો કરાવવાની ફરજ છે. સેવાના ઉપભોક્તાઓ અને સંભાળ લેનારાઓના રક્ષણના અને સામાજિક સેવાઓમાં જાહેર જનતાના આત્મવિશ્વાસને સલામત રાખવાનો એકંરે હેતુ છે, કાઉન્સિલને પાંચ મુખ્ય કાર્યો આપવામાં આવ્યા છે. તે છેઃ સામજિક સેવા કર્મતારીઓના મહત્વના જૂથોના રજિસ્ટરની સ્થાપના, દરેક સામાજિક સેવા કર્મચારીઓ અને તેમના રોજગારદાતાઓ માટે આચરણ સંહિતા પ્રકાશિત કરવી, નોંધાયેલા કામદારોની વર્તણૂંકનું નિયમન કરવું, કાર્યદળની તાલીમ અને શિક્ષણનું નિયમન કરવું, પર્સોનલ સોશિયલ સર્વિસીઝ માટે નેશનલ ટ્રેઇનીંગ ઓર્ગેનાઇઝેશનની કામગીરી હાથ ધરવી. કાઉન્સિલે સામાજિક સેવા કામદારો અને સામાજિક સેવાના કામાદારોના રોજગારદાતાઓ માટે આચરણ સંહિતા જારી કરી છે. આ એવી વર્તણૂક અને આચરણના ધોરણો વર્મવ્યા છે ચેમાં અંદર રહીને તેઓએ કામ કરવાનું છે. કાઉન્સિલની વેબસાઇટ (www.sssc.uk.com) પર સંહિતાઓ ઉપલબ્ધ છે.

## ધોરણો અને નિયમનો એકી સાથે કેવી રીતે કામ કરે છે

કેર કમિશને પોતાના નિર્ણયો કરતી વખતે ધ્યાનમા લેવા જ જોઇએ તે અંગેના ધોરણો પ્રકાશિત કરવાની સ્કોટ્ટીશ પ્રધાનોને સત્તા આ કાયદો આપે છે. નિવાસ સહાય સેવાના સંબંધમાં જરૂરિયાતો લાદતા નિયમનો કરવાની સ્કોટ્ટીશ પ્રધાનોને સત્તા પણ આપે છે.

નોંધણી (સેવાની નોંધણી પર લાદવામાં આવેલી શરતમાં ફેરફાર અથવા દૂર કરવા સહિત) અરજી વિશે કોઇ પણ નિર્ણય કરવામાં કેર કમિશન દ્વારા ધોરણોને ધ્યાનમાં લેવામાં આવશે. દરેક સેવા પૂરી પાડનારાઓએ પોતાની સેવાની નોંધણી કરાવવા માટે અરજી કરે ત્યારે કામગીરી અને હેતુનું નિવેદન પૂરું પાડવું જ પડશે. તે નિવેદનને આધારે કેર

કમિશન સેવા પૂરી પાડનાર જે સેવા આપે છે તેને ક્યા ધોરણો લાગુ પડશે તે નક્કી કરશે.

ધોરણોનો ઉપયોગ સેવાની ગુણવત્તા અને તેમની કાયદા અને નિયમનો સાથેની પૂર્તતા પર દેખરેખ રાખવા માટે કરાશે. જો, નિરીક્ષણ અથવા અન્ય સમયે ઉદાહરણ તરીકે, કેર કમિશન ફરિયાદની તપાસ કરે તેના પરિણામે સેવા વિશેની ચિંતાઓ હોવાથી કેર કમિશન બળજબરીપૂર્વકના કોઇ પગલાં લેવા કે નહી અને ક્યા પગલાં લેવા તે ધોરણોને ધ્યાનમાં લેશે.

જો ધોરણોને સંપૂર્ણ રીતે સંતોષવામાં ન આવે તો, કેર કમિશને તેની નિરીક્ષણ અહેવાલમાં તેની નોંધ કરવી પડશે અને સર્વિસ મેનેજર તેની પર ધ્યાન આપવાની જરૂરિયાત રહેશે. જો સેવા પૂરી પાડનાર સતત રીતે, નોંધપાત્ર રીતે અથવા ગંભીર રીતે ધોરણોને પરિપૂર્ણ કરે અને નિયમનોનો ભંગ કરે તો કેર કમિશન સેવાની નોંધણી પર વધારાની શરત લાદી શકે છે. જો સેવા પૂરી પાડનાર શરતને પરિપૂર્ણ ન કરે તો કેર કમિશન કરવામાં આવનારા દૂરીરી સુધારાને વિગતવાર દર્શાવતી સુધારા નોટીસ જારી કરી શકે છે અને તેના માટે સમયમર્યાદા નક્કી કરી શકે છે. વૈકલ્પિક રીતે, કેર કમિશન જો સુધારા નોટીસ ઇચ્છીત પરિણામ હાંસલ ન કરે તો જે તે સેવાની નોંધણીને રદ કરવા તરફ આગળ વધી શકે છે. હદ બહારના કિસ્સાઓમાં (એટલે કે જે તે વ્યક્તિના જીવન, આરોગ્ય અથવા સુખાકારીને ગંભીર જોખમ હોય ત્યારે) કેર કમિશન સુધારા નોટીસ આપ્યા વિના જે તે સેવાની નોંધણીન રદ કરવાનું તાત્કાલિક પગલું ભરી શકે છે.

નિયમનો ફરજિયાત છે. કેટલાક કિસ્સાઓમાં નિયમનોને પરિપૂર્ણ ન કરાવા તે અપરાધ ગણાશે. તેનો અર્થ એ કે સેવા પૂરી પાડનાર સામે અદાલતી કાર્યવાહી થઇ શકે છે. કોઇ પણ નિયમનને પરિપૂર્ણ ન કરવા અથવા તેનો ભંગ એ ગંભીર બાબત છે.

જ્યારે ધોરણો અથવા નિયમનોને પરિપૂર્ણ ન કરવામાં ન આવે ત્યારે શું કરવું તે અંગેના કેર કમિશનના કિસ્સામાં દરેક સંબંધિત સંજોગો અને પ્રમાણસરતો ધ્યાનમાં રાખવામાં આવશે.

તમે રેગ્યુલશન ઓફ કે (સ્કોટ્ટલેન્ડ) એક્ટ 2001 પરથી આ નિયમનો પરની માહિતી પ્રાપ્ત કરી શકો છો, જે સ્ટેશનરી ઓફિસ બુકશોપ પરથી ઉપલબ્ધ છે. તમે આ કાયદાને ઓનલાઇન પણ જોઇ શકો છો (સરનામા માટે જુઓ જોડાણ બી (Annex B)).

તમે રેગ્યુલેશન ઓફ કેર રેગ્યુલેશન 2002 ઓન લાઇન માટે સ્કોટ્ટીશ સ્ટેટ્યુટરી ઇન્સ્ટ્રુમેન્ટ્સ પણ જોઇ શકો છો (સરનામા માટે પરિશિષ્ટ બી ((Annex B)) જુઓ)

# ટિપ્પણીઓ

જો તમને આ ધોરણો પર ટિપ્પણી કરવી હોય તો તમે વેબસાટિની મૂલાકાત લઇ શકો છો અને અમારા મેલબોક્સ મારફતે સંદેશો મોકલી શકો છોઃ

www.scotland.gov.uk/health/standardsandsponsorship

તમે નીચેના સરનામે પણ અમારો સંપર્ક કરી શકો છો:

કેર સ્ટાન્ડર્ડ્ઝ એન્ડ સ્પોન્સરશીપ શાખા
કોમ્યુનિટી કેર ડિવીઝન

પ્રાયમરી એન્ડ કોમ્યુનિટી કેર ડિરેક્ટરેટ
St Andrew’s House
Regent Road
Edinburgh EH1 3DG

ટેલિ: 0131 244 5387
ફેક્સ: 0131 244 4005

# 1-4

સેવાનો ઉપયોગ કરતા પહેલા

1 જાણ કરવી અને નિર્ધારણ
2 તમારા કાનૂની હક્કો
3 સંચાલન અને કર્મચારી ગોઠવણીઓ
4 હાઉસિંગ સહાય આયોજન

નેશનલકેરસ્ટાન્ડર્ડ્ઝ
હાઉસિંગ સપોર્ટસ સર્વિસ

# સેવાનો ઉપયોગ કરતા પહેલા

## ધોરણો 1થી 4 ધોરણોનો પરિચય

આ વિભાગમાં રહેલા ધોરણોને સેવાના એ તબક્કાઓની આસપાસ એકજૂથ કરવામાં આવ્યા છે જે તમારી સમક્ષ ઉપયોગ માટે મુકવામાં આવ્યા છે, જેનો તમે તમે તમારા જીવનની ગુણવત્તામાં કેવી રીતે સુધારો કરશો તેના વિશે નિર્ણય લેવામાં તમે ઉપયોગ કરશો.

## જાણ કરવી અને નિર્ધારણ

નિર્ણય પર પહોંચવા માટે તમારી પાસે યોગ્ય માહિતી હોવી જ જોઇએ. તમે તેને સ્વરૂપ અને ભાષામાં સચોટ અને વિશ્વસનીય માની શકો છો, જેને તમને સરળતાથી સમજી શકો અને રાખી શકો. સેવાઓ વિશેની માહિતી સંચાલન અને કર્મચારીઓની વિગતો દ્વારા આધારિત રહે છે, જેથી તમને એ બાબતનો આત્મવિશ્વાસ અપાવી શકાય કે સેવા તમારી નિવાસ સહાયની જરૂરિયાતોને પરિપૂર્ણ કરશે.

## તમારા કાનૂની હક્કો

તમે જ્યાં પણ રહેતા હોય ત્યાં સુરક્ષિતતતાની પ્રતીતી કરવા માટે સુરક્ષાના અંશોના સિદ્ધાંતો તમારા માટે કેટલા અગત્યના છે. સંબધિત કાયદા અને માર્ગદર્શિકા અનુસાર સેવાનું યોગ્ય રીતે સંચાલન થઇ રહ્યું છે તે તમે આત્મવિશ્વાસ ધરાવતા જ હોવા જોઇએ. આકસ્મિકતાના કિસ્સામાં અથવા નિવાસ સહાય સેવા બધ કરી દેવામાં આવી હોય તો શું થઇ શકે છે તે તમારે જાણવું જ જોઇએ.

## સંચાલન અને કર્માચારીઓની ગોઠવણીઓ

આ વિભાગમાં રહેલા ધોરણો એ જાણકારીની અગત્યતા પ્રતિબીંબીત કરે છે કે જે લોકો તમારી નિવાસ સહાય મટે જવાબદાર છે તેઓ તમારી જરૂરિયાતોને પહોંચી વળવા માટે જરૂરી અનુભવ, કુશળતાઓ અને તાલીમ ધરાવે છે. જો તેઓ તમને શ્રેષ્ઠ શક્ય સેવા પૂરી પાડવાના હોય તો, તેઓ દરેક પ્રવર્તમાન સારી પ્રેક્ટિસ માર્ગદર્શન સાથે પરિચિત હોવા જ જોઇએ. તેઓ માર્ગદર્શનને પ્રેક્ટિસમાં મુકવા મટે સમર્થ હોવા જોઇએ.

સમય જતા તમારી જરૂરિયાત બદલાઇ શકે તેમ હોવાથી સેવા પૂરી પાડનારે એ બાબતની ખાતરી રાખવી જોઇએ કે સંચાલન અને કર્મચારી ગોઠવણો હંમેશા તે જરૂરિયાતોને પૂર્ણ કરતી હોય. આ બાબત ધોરણોમાં પ્રદર્શિત કરવામાં આવી છે. તેઓ સંખ્યા વિશે અને કર્મચારીના કુશળતા મિશ્રણ અંદે ચોક્કસ જરૂરિયાતો નિશ્ચિત કરતા નથી પરંતુ તે સ્પષ્ટ છે કે સેવા હંમેશા જે લોકો તે જરૂરિયાતોનો ઉપયોગ કરતા હોય તેને પરિપૂર્ણ કરતી હોવી જોઇએ.

## નિવાસ સહાય આયોજન

જે રીતે નિવાસ સહાય સેવા પૂરી પાડવામાં આવતી હોય તે રીતે તે તમારી જરૂરિયાતો અનુસારની હોવી જોઇએ અને તમારી સ્વાતંત્ર્યતો પ્રોત્સાહન આપતી હોવી જોઇએ. કેટલાક લોકો માટે સેવા બેકગ્રાઉન્ડ સહાય કરતા થોડું વધુ પૂરું પાડશે, જ્યરે અન્ય લોકો માટે તે ભારે સહાય પૂરી પાડશે. તમે આશા રાખી શકો છો કે તમારી અંગત યોજનાનો તમારી જરૂરી સહાયના સ્તરને પ્રદર્શિત કરશે અને તે જે રીતે તમારી નિવાસ સહાયમાં ફેરફારો થશે કે તેમાં પણ ફેરફાર થશે.

# જાણ કરવી અને નિર્ધારણ

## ધોરણ 1

**સેવાનો ઉપયોગ કરવા તમને નક્કી કરવામાં મદદ મળી રહે તે માટેની જરૂરી દરેક માહિતી તમારી પાસે છે.**

1 તમારી પાસે પ્રાથમિક પેક છે જે સ્પષ્ટ રીતે જ દર્શાવે છે કે સેવા કેવી રીતે કામ કરે છે. દરેક વસ્તુ સ્પષ્ટ ઇંગ્લીશમાં અથવા ભાષામં અને સ્વરૂપમાં લખેલી છે કે જે તમને યોગ્ય છે. તેમાં નીચેનાનો સમાવેશ થવો જોઇએ:

- નિવાસ સહાય સેવા પત્રિકા;
- સેવાનો ઉપયોગ કેવી રીતે કરવો,
- સેવા માટે કોઇ પણ ફેરફારો, તે શું છે અને તેની તમારે કોને ચૂકવણી કરવી જોઇએ;
- નિવાસ સહાય સેવામાં શું ઉપલબ્ધ છે;
- નિવાસ સહાય સેવાની ગુણવત્તા પર કેવી રીતે દેખરેખ રખાય છે;
- ફરિયાદ સંચાલન;
- જે નિવાસ સહાય સેવાનો ઉપયોગ કરે છે તે વ્યક્તિ તરીકે તમારા હક્કો અને જવાબદારીઓનું નિવેદન;
- જોખમોનું સંચાલન અને નોંધવાની અને અકસ્માતો અને બનાવો માટેની નીતિઓ અને પ્રક્રિયાઓ;
- નિવાસ સહાય સેવાની સંબધિત નીતિઓ અને પ્રક્રિયાઓ; અને
- તાજેતરનો કેર કમિશન અહેવાલ રિપોર્ટ.

2 જો તમે સંમત થાઓ તો, તમારો પરિવાર, સંભાળકર્તા, મિત્રો, કર્મચારીઓ અને મેનજરોને તમારી સાથે ચર્ચામાં સામેલ કરાશે.

# તમારી કાનૂની હક્કો

## ધોરણ 2

**તમને એક લેખિત દસ્તાવેજ મળશે જેમાં તમારી જરૂરિયાતોને પહોંચી વળવા માટે પૂરી પાડવામાં આવનારી સેવાની સ્પષ્ટ રીતે વ્યાખ્યા આપે છે. તે સેવા પ્રાપ્ત કરવા મટે અને ફેરફાર માટેની ગોઠવણીઓ અથવા કરારના અંત માટેની શરતો અને નિયમો નિશ્ચિ઼ત કરશે.**

1 તમે સમજી શકો તે સ્વરૂપમાં તમારી પાસે આ દસ્તાવેજની નકલ હશે.

2 નિવાસ સહાય સેવાને સંબંધિત કેર કમિશનના અહેવાલોમાં જોઇ શકવા સમર્થ બનશો.

# સંચાલન અને કર્મચારી ગોઠવણીઓ

## ધોરણ 3

**તમે સારી ગુણવત્તા વાળી નિવાસ સહાયનો અનુભવ કરો ચો. આ બાબત સંચાલન અને કર્મચારી દ્વારા પૂરી પાડવામાં આવી છે જેમની વ્યાવસાયિક તાલીમ અને નિષ્ણતતા તેમને તમારી જરૂરિયાતોને પહોંચી વળવા માટેની મંજૂરી આપે છે. સેવા દરેક લાગુ પડતી કાનૂની જરૂરિયાતો અને શ્રેષ્ઠ પ્રેક્સિસ માર્ગદર્શિકા અનુસાર કામગીરી કરે છે.**

1 તમે એવી ખાતરી ધરાવી શકો છો કે સેવા પૂરી પાડનાર એવી નીતિઓ અને પ્રક્રિયાઓ ધરાવે છે જે દરેક કાનૂની જરૂરિયાતોને સંતોષે છે, જેમાં નીચેનાનો પણ સમાવેશ થાય છે:

- કર્મચારી અને તાલીમ;
- ‘વ્હીસલ બ્લોઇંગ’;
- જોખમ સંચાલન; અને
- બનાવો અને ફરિયાદો નોંધવા સહિત યોગ્ય રેકોર્ડ રાખવા.

2 તમે એવો આત્મવિશ્વાસ ધરાવી શકો છો કે કર્મચારીઓ આ નીતિઓ અને પ્રક્રિયાઓને પ્રેક્ટિસમાં મુકવાનું જ્ઞાન ધરાવે છે. તેની સમી઼ા કરવાની અને નવા માર્ગદર્શન વિશે શીખવાની તેમની પાસે નિયમિત તાલીમ છે.

3 તમે એવો આત્મવિશ્વાસ ધરાવી શકો છો કે જે કર્મચારી તમને નિવાસ સહાય પૂરી પાડી રહ્યા છે તેઓ તમારા જેવી સમાન પ્રકારની જરૂરિયાતો ધરાવતા લોકો સાથે કામ કરીને મેળવેલા અનુભવથી તમને નિવાસ સહાય પૂરી પાડવાની જાણકારી અને કુશળતાઓ ધરાવે છે. જો તેમની પાસે નવા કર્મચારી હોય તો તેમને આયોદિત તાલીમ કાર્યક્રમના ભાગરૂપે આ અનુભવ પ્રાપ્ત કરવામાં સહાય. મળી રહી છે.

4 તમે એવો આત્મવિશ્વાસ ધરાવી શકો છે કે કર્મચારીઓએ એવી પદ્ધતિઓનો ઉપયોગ કરે છે જે સચોટ જાણકીરી અને શ્રેષ્ઠ પ્રેક્ટિસ માર્ગદર્શન પ્રદર્શિત કરે છે કે જે અંગે સંચાલન પ્રેક્સિ સુધારવાથી સતત વંચિત રહ્યું છે.

5 તમે જાણો છો કે સેવા પૂરી પાડનારના કર્મચારી અને મેનેજરોની ભરતી અને પસંદગી એવી પ્રક્રિયા દ્વારા કરવામાં આવેલી હોય છે જેમાં નીચેનો સમાવેશ થાય છે:

- સંદર્ભો લેવા;
- જરૂરી હોય ત્યાં ફોજદારી રેકોર્ડની તપાસ; અને
- સ્કોટ્ટીશ સોશિયલ સર્વિસીઝ કાઉન્સિલ, યુનાઇટેડ કિંગ્ડમ સેન્ટ્રલ કાઉન્સિલ ફોર નર્સીસ, મિડવાઇવ્સ એન્ડ હેલ્થ વિઝિટર્સ (યુકેસીસી) અથવા અન્ય વ્યાવસાયિક સંસ્થાઓમાં જ્યાં યોગ્ય જણાય ત્યાં સામસામેના સંદર્ભ લેવા.

6 તમે એ બાબતે આત્મ વિશ્વાસ ધરાવી શકો છો કે દરેક સમયે કર્મચારીઓ કે જે તાલીમબદ્ધ છે અને જેઓ જરૂરી કુશળતાઓ ધરાવે છે તે તમારી નિવાસ સહાય જરૂરિયાતોને પરિપૂર્ણ કરવા માટે પૂરતી હશે. આ સ્તરો માટે કેર કમિશન અને સેવા પૂરી પાડનાર એમ બન્ને વચ્ચે સંમતિ વ્યક્ત કરવામાં આવી હોય છે.

7 તમે જાણો છો કે સેવા કર્મચારી વિકાસ વ્યૂહરચના અને તેના દરેક કર્મચારી માટે અસરકારક વાર્ષિક તાલીમ યોજના ધરાવે છે.

8 તમે જાણો છો કે જ્યારે કર્મચારી કોઇ નાણાંકીય વ્યવહારમાં સામેલ હોય ત્યારે તેને સંભાળપૂર્વક નોંધવામાં આવશે. તે એવી રીતે કરવામાં આવશે કે તેને કેર કમિશન દ્વારા તપાસી શકાય.

# નિવાસ સહાય આયોજન

## ધોરણ 4

**તમારી અંગત યોજનાઓને વિકસાવવામાં અને બાદની સમીક્ષાઓમાં તમે સંપૂર્ણ રીતે સામેલ કરવામાં આવશે. જેની પર હસ્તાર કરવામાં આવ્યા છે અને નિવાસ સહાય સેવા પૂરી પાડનારા દ્વારા તારીખ નાખવામાં આવી છે તેની તમે નકલ મેળવશો.**

1 તમારી અંગત યોજનાને તમારી જરૂરિયાતોને પરૂ કરવા માટે જે રીતે સેવાની રચના કરવામાં આવી છે તે રીતે નિશ્ચિત કરવામાં આવશે.

2 તમારી અંગત યોજનાઓમાં નીચેના વિશે માહિતીનો સમાવેશ કરાશે:

- તમે શેની માગ કરવાનું પસંદ કરો છો;
- તમારી સંભાળની સમીક્ષા કરવામાં કોને સામેલ કરવા જોઇએ;
- જો તમારે કોઇ ખાસ સંદેશાવ્યવહારની જરૂરિયાત હોય તો;
- જો તમારી પ્રથમ ભાષા ઇંગ્લીશ ન હોય તો સંદેશાવ્યવહારની કઇ ગોઠવણને અસ્તિતવમાં મુકવાની જરૂર છે;
- નાણાંકીય અથવા વહીવટીય ગોઠવણો સાથે તમને સહાય કરવા માટે કોઇ પણ નિવાસ સહાય સેવાની જરૂર હોય તો;
- ક્યારે અને કેવા સંજોગોમાં મિત્રો, સંબંધીઓ અને સંભાળરાખનારાઓનો સંપર્ક કરવામાં આવશે;
- જો તમારા આરોગ્યમાં અથવા અંગત સંજોગોમાં કોઇ અગત્યનો ફેરફાર હોય તો અન્ય કઇ સેવાઓનો સંપર્ક કરવામાં આવશે;
- જો તમારે ફરિયાદ કરવી હોય કે ચિંતા વ્યક્ત કરવી હોય તો કઇ સ્વતંત્ર વ્યક્તિનો સંપર્ક કરવો;
- તમારી સહાય અને સંભાળમાં અન્ય કોણ યોગદાન આપી રહ્યું છે; અને
- જ્યારે નિવાસ સહાય પૂરી પાડવામાં આવી હોય અને કોણ તે પૂરી પાડે છે.

3 આયોજિત અથવા બિનઆયોજિત ઘટનાઓ (ઉદાહરણ તરીકે હોસ્પિટલ અથવા રજા પર અથવા બહાર જવું) માટે તમારી અંગત યોજનામાં કેવી રીતે ફેરફાર કરવો અથવા તમારી નિવાસ સહાય સેવાનો કેવી રીતે અંત આણવો.

4 તમે એ રીતે આત્મવિશ્વાસ ધરાવી શકો છો કે નિવાસ સહાય સેવા પૂરી પાડનાર તમને નિયમિત રીતે (સેવાના પ્રારંભથી ત્રણ મહિનામાં અને તે પછી વર્ષમાં એકાદ વખત) જે સેવા તમારી જરૂરિયાતોને પૂર્ણ કરતી હોય અને જેને તમારી અંગત યોજનામાં ઓળખી

કાઢવામાં આવી હોય તેની તપાસ કરશે.

5 શક્ય એટલી જલ્દી રીતે તમારી નિવાસ સહાયમાં કોઇ પણ ફેરફારો માટે તમન કહેવામાં આવ્યું હોય.

6 તમે કોઇ ફેરફારોના દરો જાણતા હોય અને તે કેવી રીતે અને ક્યારે થશે.

7 જ્યારે તમે તમારા નિવાસ સહાય વર્કરની ઇચ્છા રાખતા હોય ત્યારે તે ન દેખાય તો નિવાસ સહાય સેવા પૂરી પાડનારનો કેવી રીતે સંપર્ક કરવો તે તમે જાણો છો.

# 5-8

સેવાનો ઉપયોગ કરતા

5 જીવનશૈલી - સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક માન્યતા અથવા વિશ્વાસ
6 પસંદગી અને સંદેશાવ્યવહાર
7 તમારા હક્કોનો ઉપયોગ કરતા
8 તમારા મંતવ્યો વ્યક્ત કરતા

નેશનલકેરસ્ટાન્ડર્ડઝ
હાઉસિંગ સપોર્ટસ સર્વિસ

# સેવાનો ઉપયોગ કરતા

## ધોરણો 5થી 8નો પરિચય

### જીવનશૈલી-સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક માન્યતા અને વિશ્વાસ

આ વિભાગમાં રહેલા ધોરણો એ સ્પષ્ટ કરે છે કે તમે જ્યારે નિવાસ સહાય સેવાનો ઉપયોગ કરતા હોય ત્યારે તમારા સામાજિક, સાસ્કૃતિ અથવા ધાર્મિક માન્યતા અથવા વિશ્વાસ સાથે તમારું જીવન જીવવાનું ચાલુ રાખી શકો છો.

### પસંદગી અને સંદેશાવ્યવહાર

લોકો ઘણા કારણોસર વિવિધ ભાષા અથવા સંદેશાવ્યવહારની પદ્ધતિઓનો ઉપયોગ કરી શકે છે. પરિણામે પોતાની જાતે સમજાવવાની તેમને મુશ્કેલી પડી શકે છે. પરંતુ સંદેશાવ્યવહાર કરવામાં સક્ષમ રહેવું તે દૈનિક જીવનનું આવશ્યક અં છે અને તમે આવું કરવા માટે મદદ મેળવવાની પસંદગી કરી શકો છો. તમને તમારા જીવન વિશે નિર્ણયો લેવાનો, મદદ મેળવવો અને નિવાસ સહાય સેવાનો ટેકો પ્રાપ્ત કરવાનો અધિકાર છે.

### તમારા હક્કોનો ઉપયોગ કરતા-તમારા મંતવ્યો વ્યક્ત કરતા

નિવાસ સહાય સેવા કર્મચારીઓએ તમારા હક્કોનું હંમેશા સન્માન અને પ્રોત્સાહન આપવું જોઇએ. તેઓએ ખાતરી રાખવી જોઇએ કે તમે સેવાની ગુણવત્તા અને તમારા અનુભવ અંગે તમારા મંતવ્યો, તમારી ટિપ્પણીઓ, ચિંતાઓ અને ફરિયાદો ગંભીર રીતે વ્યક્ત કરી શકો. સેવા કેવી રીતે પૂરી પાડવામાં આવે છે તેનું યોગદાન આપવાનો અને પ્રભાવ પાડવાનો તેઓ એક માર્ગ છે.

## જીવનશૈલી - સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક માન્તા અથવા વિશ્વાસ

## ધોરણ 5

**સેવા પૂરી પાડવામાં સેવા પૂરી પાડનાર દ્વારા તમારા સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક માન્યતા અથવા વિશ્વાસનું સન્માન કરવામાં આવે છે. તમે આ માન્યતાઓ સાથે જીવન જીવી શકો છો.**

1 વિશિષ્ટ જરૂરિયાતો સાથે એક વ્યક્તિ તરીકે તમને સારવાર અપાઇ રહી છે.

2 કર્મચારીઓ તારા સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક માન્યતા અથવા વિશ્વાસ કે જે તમે તમારુ જીવન કેવી રીતે જીવો છો તેને જાણશે.

3 જરૂર લાગે ત્યા તમે ધાર્મિક, સાસ્કૃતિક અને આધ્યાત્મિક પ્રવત્તિઓમાં ભાગ લેવા માટે તમે મદદ લો.

4 તમારી સેક્સ્યુલિટી સ્વીકારવામાં આવી છે અને તમારી કાયદેસરની સેક્સ્યુઅલ જરૂરિયાતો તમારા માટે અગત્યની છે તે રીતે જોવામાં આવી રહી છે.

## પસંદગી અને સંદેશાવ્યવહાર

## ધોરણ 6

**જે સેવા પૂરી પાડવામાં આવી રહી છે અને તે તમારા અંગત અને સામાજિક જીવન સાથે કેવી રીતે જોડાયેલી છે તેના વિશે સહાય કર્મચારી દ્વારા તમને મદદ કરવામાં આવી શકે છે.**

1 તમને ઉપલબ્ધ પસંદગીઓ અને તમારી પરની તેની અસર વિશેની માહિતી તમને આપવામાં આવી છે. જો તમે ઇચ્છો તો, તમે સ્વતંત્ર પ્રતિનિધિ માટે અથવા ખાસ સલાહ માટે કહી શકો છો.

2 જો તમે કોઇ ખાસ કાનૂની જોગવાઇ લાગુ પડતી ન હોય તો તમે આ પસંદગીઓ અપનાવવા મુક્ત છો.

3 તમારા નિવાસ સહાય કર્મચારીને તમારી ઇચ્છાઓ અંગેનો સંદેશો પહોંચાડવાના નિવાસ સહાય પૂરી પાડનારા પાસે પાસે સ્પષ્ટ માર્ગો છે જેથી તમારે જે તે બાતનું પુનરાવર્તન કરવાની જરૂર નથી તે બાબતે આત્મવિશ્વાસ ધરાવી શકો છો.

# તમારા હક્કોનો ઉપયોગ કરતા

## ધોરણ 7

**એક વ્યક્તિ તરીકે તમે તમારા હક્કો રાખી શકો છો.**

1 તમારી અંગત યોજના તમારા હક્કા અને જવાબદારીઓને સેવાના વપરાશકર્તા તરીકે સમજાવે છે અને શેની સંભાવના છે અને નિવાસ સહાય કર્મચારી પાસેથી તમે શેની આશા રાખી શકો તે તમે જાણો છો.

2 તમે નિવાસ સહાય કર્મચારીઓ પાસેથી કોઇ નિંદાનું દુઃખ વેઠશો નહી.

3 જો કોઇ ખાસ કાનૂની જોગવાઇ લાગુ પડતચી ન હોય તો તમને ગુપ્તતાનો હક્ક છે. તમારી અંગત યોજના સમાજાવે છે કે તારા વિશેની માહિતીને કેવી રીતે સંભાળવામાં આવશે અને તમારી ગુપ્તતાને કેવી રીતે રક્ષવામાં આવશે.

4 જે તમારી નિવાસ સહાય સેવા માટે આવશ્યક ન હોય તેવી કોઇ પણ માહિતી નિવાસ સહાય સેવા પૂરી પાડનારાને આપવાની નથી. નિવાસ સહાય સેવા પૂરી પાડનારા તમારા વિશેની કઇ માહિતી તેમને જોઇએ છે તે કહેશે.

5 તમારી અંગત માહિતીને સલામત અને તમને અને અન્ય કોઇ જે તમે ચાહો તેને સરળતાથી જોવા માટે ઉપલબ્ધ થાય તે રીતે રાખવામાં આવશે.

6 તમારા નિવાસ સહાય વર્કર તમારી સાથે વાત કરતા અને ત્યા રહેતા અન્ય લોકોની સાથે વાત કરતા અથવા તમારા ઘરે મૂલાકાત લેતા તમારી ગોપનીયતાનું સન્માન કરશે.

7 તમારા નિવાસ સહાય વર્કર તમારા વિશે, તમારા ઘર અથવા તમારા પરિવાર વિશે ચર્ચા કરશે નહી.

8 તમે નિવા સહાય વર્ક પ્રાપ્ત કરશો કે જે નિવાસ સહાય સેવા પૂરી પાડનારાઓ સાથેનો તમારો સામાન્ય સંપર્ક રહેશે.

9 તમારો નિવાસ સહાય વર્કર નમ્રતાથી અને ત્વરીતતાથી મદદ કરવા માટે તમારી સાથે કામ કરશે.

## તમારા મંતવ્યો વ્યક્ત કરતા

# ધોરણ 8

**નિવાસ સહાય સેવાના કોઇ પણ તબક્કા પર તમારા મંતવ્યો વ્યક્ત કરવા તમને પ્રોત્સાહન અને મદદ આપવામાં આવી છે.**

1 સેવા વિશે નિવાસ સહાય સેવા પૂરી પાડનારને ફરિયાદ કે ટિપ્પણી કેવી રીતે તે તમે જાણો છો. તેમજ સીધી કેર કમિશનને ફરિયાદ કરવા માટેની પ્રક્રિયાથી પણ વાકેફ છો.

2 તમે જ્યારે ટિપ્પણી કે ફરિયાદ કરો ત્યારે તમારે તમારું નામ આપવાનું નથી.

3 નિવાસ સહાય સેવા પૂરી પાડનારાઓ તેઓ જે સહાય આપે છે તેની ગુણવત્તા પર કેવી રીતે દેખરેખ રાખે છે તે તમે જાણો છો.

4 નિવાસ સહાય સેવા પૂરી પાડનારાઓ ચિંતાઓ અને ફરિયાદો સામે ત્વરીતતાથી અને સહાનુભૂતિપૂર્વક કામ કરે છે તે બાબતે તમે આત્મવિશ્વાસ ધરાવી શકો છો અને ફરિયાદના પરિણામે સંપૂર્ણ માહિતી પૂરી પાડે છે.

5 જો તમારી ઇચ્છા હોય તો, તમારા માટે કામ કરી શકે તેવી સ્વતંત્ર અને ગોપનીય તરફેણ સેવાનો ઉપયોગ કરવા માટે મદદ અને ટેકો લઇ શકશો. આ રીતે તમને મદદ કરી શકે તેવી કોઇ પણ સેવા વિશેની કર્મચારીઓ પાસે માહિતી રહેશે.

6 જો તમે કોઇ સ્વતંત્ર પ્રતિનિધિ ધરાવતા હોય તો (ઉદા. તરીકે સ્વતંત્ર વકીલ), કર્મચારીઓ તેને અથવા તેણીને તમારા વતી શું કહેવાનું છે તે સાંભળશે જેમ કે તમે તમારી જાતે મંતવ્યો વ્યક્ત કરો છો.

7 તમે તમારી સેવાના કેર કમિશનના નિરીક્ષણમાં ભાગ ભજવી શકો છો.

8 તમે જાણો છો કે નિવાસ સહાય સેવાના મેનેજર પ્રત્યેક નિરીક્ષણ અહેવાલ પૂરો પાડશે જેથી તમે અને તારા પ્રતિનિધિ તેની પર નજર નાખી શકે.

# 9

સેવામાંથી છુટા થવાનું કે અંત આણવાનું પસંદ કરતા



નેશનલકેરસ્ટાન્ડર્ડ્ઝ
હાઉસિંગ સપોર્ટસ સર્વિસ

# સેવામાંથી છુટા થવાનું કે અંત આણવાનું પસંદ કરતા

### ધોરણ 9નો પરિચય

સેવામાંથી છૂટા થવાનું કે અંત આણવાનો સકારાત્મક અનુભવ હોવો જોઇએ. ક્યારે છૂટા થવું અથવા સેવાનો અંત આણવો તે પસંદ કરવા તમે સક્ષમ હોવા જોઇએ.

સેવામાંથી છૂટા થવાનું કે અંત આણવાનું સફળતાપૂર્વકનું હોવું જોઇએ, તમે તમારો સમય લઇ શકવા સક્ષમ હોવા જોઇએ. તમે તમારી આસપાસના લોકો દ્વારા ટેકો ધરાવતા હોવા જોઇએ.

## ધોરણ 9

**તમે અને નિવાસ સહાય સેવા પૂરી પાડનારા સેવાનો અંત કેવી રીતે આણવો તેની યોજના અને ચર્ચા કરશો.**

1 કરાર, સેવા અથવા નિવાસ સહાય ગોઠવણીનો અંત આણવા માટે તમે લેવાઇ રહેલા કોઇ પણ પગલાં વિશે જાણશો (સામન્ય રીતે તમારા કરાર સાથે)

2 તમે તમારી અંગત યોજના સમીક્ષા અનુસાર તમારી નિવાસ સહાય સેવાનો અંત આણવાની તર્તા કરશો.

3 તમારા નિવાસ સહાય સેવા પૂરી પાડનારા જો તમે અલગ સેવાનો ઉપયોગ કરવાનું નક્કી કરતા હોય તો તમને મદદ કરશે.

4 તમે તમારા નિવાસ સહાય સેવા પૂરી પાડનારા સાથે આના વિશે વાત કરીને તમે તમારા નિવાસ સહાય સેવાનો અંત આણી શકો છો.

5 જ્યારે નિવાસ સહાય સેવાનો અંત આવે કે ફેરફારો થાય ત્યારે તમને સંબંધિત કોઇ રેકોર્ડઝમાં શું થશે તેની તમને જાણ થશે. જો તમારા રેકોર્ડઝ નવા નિવાસ સહાય સેવા પૂરી પાડનારાને આપવાના હોય તો તે સંપૂર્ણ અને સચોટ હશે અને તેને તમારી સામેલગીરી અને કરારસાથે મુકવામાં આવશે.

# જોડાણ A

નેશનલકેરસ્ટાન્ડર્ડ્ઝ
હાઉસિંગ સપોર્ટસ સર્વિસ

# જોડાણ A
## પારિભાષિક શબ્દો

### વકીલ અથવા તરફેણ
એવી વ્યક્તિ કે જે સેવાના કોઇ પણ તબક્કે સ્વતંત્ર હોય અથવા તેની ચૂકવણીમાં કોઇ પણ કાનૂની સંસ્થા અથવા સેવા પૂરી પાડવામાં સામેલ હોય. તેઓ સેવાનો ઉપયોગ કરતી વ્યક્તિના વતી અને તેના હિતમાં કામ કરે છે. વકીલ તેણીને અથવા તેને વ્યક્ત કરવા વ્યક્તિને મદદ કરે છે.

### સંભાળ રાખનાર
પરિવાર, ભાગીદારો અથવા મિત્રો કે જેઓ માંદા, દુર્બળ અથવા વિકલાંગતા હોય તેમને મદદની જરૂર હોય તેની સંભાળ રાખનાર વ્યક્તિ. તે જે સંભાળ પૂરી પાડે છે ચૂકવણી વિનાની હોય છે.

### ફરિયાદની પ્રક્રિયા
જે વ્યક્તિ સેવાનો ઉપયોગ કરતો હોય અથવા સેવાના કોઇ પણ તબક્કા વિશે ફરિયાદ કરતો હોય તેને મદદ કરતી સ્પષ્ટ પ્રક્રિયાઓ.

### સ્વરૂપ
લેઆઉટમાં દર્શાવવામાં આવેલી માહિતી તમારા માટે યોગ્ય છે. તે સરળ વંચાય તેવી ભાષામાં, ઉપસાવેલા અક્ષરો વાળી, ટેપ કે ડિસ્ક પર હોવી જોઇએ.

### અંગત યોજના
નિવાસ સહાય કેવી રીતે પૂરી પાડવામાં આવશે, તમારી (અને/તમારા પ્રતિનિધિ) અને સેવા પૂરી પાડનારાની વચ્ચે સંમતિ સાધવામાં આવી છે.

### વ્હિસલ બ્લોવીંગ
નોકરીયાત (અથવા વ્યાવસાયિક) દ્વારા ગુપ્ત માહિતી કે જે કોઇ અજાણ્યા, ઠગ અથવા અન્ય ગેરકાયદે અથવા અનૈતિક વર્તણૂંક કે જે કાર્યસ્થળ સાથે સંબંધિત હોય તેની જાહેરાત, ચાહે તે નોકરીયાતની હોય અથવા તેની હેઠળના નોકરીયાતોની હોય (લોર્ડ બેરી QC 1995)

# જોડાણ B

નેશનલકેરસ્ટાન્ડડર્ઝ
હાઉસિંગ સપોર્ટસ સર્વિસ

# જોડાણ B
# ઉપયોગી સંદર્ભ સામગ્રી

## કાનૂની

### ધી એડલ્ટસ વિથ ઇનકેપેસિટી (સ્કોટ્ટલેન્ડ) એક્ટ 2000
આ કાયદા હેઠળ કંઇ પણ કે જે અક્ષમ પુખ્ત દ્વારા કરવામાં આવે છે તેઃ

- તેણીને અથવા તેને ફાયદો હોય;
- જે તે વ્યક્તિની ઇચ્છાઓ અને તેણીના કે તેના નજીકના સંબંધી, સંભાળ લેનાર, પાલક અથવા એટોર્નીની ઇચ્છાઓને ધ્યાનમા લેતા હોય; અને
- જે તે વ્યક્તિની સ્વતંત્રતાને અંકુશમાં રાખ્યા વિના ઇચ્છીત હેત હાંસલ કરતા હોય.

### ધ ચિલ્ડ્રન (સ્કોટલેન્ડ) એક્ટ 1995
આ કાયદો બાળકોને પ્રથમ મુકે છે. પ્રત્યેક બાળકને નીચેનાનો અધિકાર છે:

- એક વ્યક્તિ તરીકે ગણવામાં આવે;
- તેણીને અથવા તેને અસર કરતી બાબતો પર મંતવ્યોની રચના અને વ્યક્ત કરી શકે; અને
- તમામ પ્રકારની નિંદા, અવગણના અથવા શોષણથી રક્ષિત.

માતાપિતાઓ અને સ્થાનિક સત્તાવાળાઓને સંતુલીત સંભાળ પ્રાપ્ત કરવાનો હક્ક અને જવાબદારીઓ છે.

### ધી સિવીક ગવર્નમેન્ટ (સ્કોટલેન્ડ) એક્ટ 1982 (એક કરતા વધુ વ્યવસાયોમાં ઘરોનો પરવાનો) હુકમ 2000
આ હુકમમાં સંપત્તિનો માલિક ચાહે એક કરતા વધુ વ્યવસાયો ધરાવતો હોય તેણે સંબંધિત સત્તા પાસેથી પરવાનો લેવાની આવશ્યકતાની જરૂરિયાત ઊભી કરે છે. પરવાનો ફક્ત તેના માટે અપાય છે જે સંપત્તિ જરૂરી ધોરણો પરિપૂર્ણ કરતી હોય અને માલિક જરૂરી નીતિઓ અસ્તિત્વમાં ધરાવતો હોય.

### ડેટા પ્રોટેક્શન એક્ટ 1998
આ કાયદો ઓળકી શકાય તેવા લોકો રહેવા વિશેની માહતી કેવી હોય છે તેને આવરે છે. દરેક સંગઠનો કે જે અંગત માહિતી ધરાવે છે અને પ્રક્રિયા કરે છે તેનું પાલન કરવું આવશ્યક છે.

## ધી ડિઝએબિલીટી ડિસ્ક્રીમિનેશન એક્ટ 1995

આ વ્યાપક રેન્જ ધરાવતો કાયદો છે, જે 1996માં અમલમાં આવ્યો હતો, જે રોજગારીમાં, માલ, સેવા, વાહનવ્યવહાર અને શિક્ષણનો ઉપયોગ કરવામાં વિકલાંગ વ્યક્તિઓ સામેના ભેદભાવને ગેરકાયદે ગણે છે.

## ધી હેલ્થ એન્ડ સેફટી એટ વર્ક એક્ટ 1974

આ કાયદો જે કાર્યની પ્રવૃત્તિઓથી માઠી અસર પામ્યા હોય તેને આવરી લેતો આરોગ્ય અને સુરક્ષાનો મૂળ ટુકડો છે. તે રોજગારદાતાઓ સાથે કાર્યના સ્થળે આરોગ્ય અને સુરક્ષા માટેની કાયદેસરની જવાબદારીનો બોજો મુકે છે.

## ધી હાઉસિંગ (સ્કોટલેન્ડ) એક્ટ 2001

આ કાયદાની કલમ 91 સ્થાનિક ઓથોરિટી માટે નિયમનમાં નિશ્ચિત કરવામાં આવનાર ચોક્કસ મર્યાદાઓમાં નિવાસ સહાય સેવાઓના વહીવટ અને ખરીદી માટેની જોગવાઇ કરે છે. આ ગોઠવણીઓ એપ્રિલ 2003માં અમલમાં આવશે. નિવાસ સહાય સેવામાં કે જે સમાન્ય સલાહ અને સહાયો કે સમાજમાં પોતાના ઘરમાં રહેવા માટે લોકોને સહાય કરવાનો ઉદ્દેશ ધરાવે છે તેનો સમાવેશ કરે છે. કેટલા સંજોગોમાં આ સેવાઓ અને ઘરે સંભાળ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ વચ્ચે ઓવરલેપ થવાનો સંભવ રહે છે. નિવાસ સહાય સેવાઓને પણ રેગ્યુલેશન ઓફ કેર (સ્કોટલેન્ડ) એક્ટ 2001 હેઠળ પણ નિયમન કરવામાં આવશે.

## ધી હ્યુમન રાઇટ્સ એક્ટ 1998

જાહેર સંસ્થાઓના કાર્યોના સંબંધમાં સ્કોટિશ અને ઇંગ્લીશ કાયદામાં માનવ અધિકાર પર યુરોપીયન કોન્વેન્શનનો સમાવેશ કરે છે. તેનો હેતુ માનવ અધિકારનું રક્ષણ કરવાનો અને લોકશાહી સમાજના આદર્શો અને મુલ્યોની જાળવણી અને પ્રોત્સાહન આપવાનું છે. કોન્વેન્શના આર્ટિકલ્સમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- વિચાર, વિવેકબુદ્ધિ અને ધર્મની સ્વાતંત્ર્યતા;
- વ્યક્ત કરવાની સ્વાતંત્રતા;
- સભા અને સંગઠનની સ્વાતંત્ર્યતા;
- ખાનગી અને પારિવારીક જીવન માટે સન્માન આપવાનો હક્ક, અને
- લગ્ન કરવાનો હક્ક.

## ધી મેન્ટલ હેલ્થ (કેર એન્ડ ટ્રીટમેન્ટ) (સ્કોટલેન્ડ) એક્ટ 2003

હાલમાં સમીક્ષા હેઠળ છે, કાયદો માનસિક અસમતુલા સાથે ફરજિયાત અટકાયત અને સારવાર પૂરી પાડે છે.

## મિસયુઝ ઓફ ડ્રગ્સ એક્ટ 1971

યુકેમાં ડ્રગના અંકુશ માટેનો આ મુખ્ય કાયદો છે. તે મેડીસિનલ અને અન્ય પેદાશો ધરાવવા, સપ્લાય કરવા અને અન્ય પેદાશો સામે પ્રતિબંધ ફરમાવે છે, જેમાં ડ્રગ નિયમન 1985ના દુરુપયોગ દ્વારા કાયદેસર બનાવવામાં આવ્યું છે.

આ કાયદો અંકુશિત ડ્રગ્સ સાથે સંબંધ ધરાવે છે અને તેને પાંચ અલગ શિડ્યૂલમાં મુકે છે. જે કોઇ વ્યક્તિ સંગ્રહ અથવા અકુંશિત ડ્રગ્સની વહેંચણી માટે જવાબદા હોય તેણે ડ્રગર્સ નિયમન 1985ના દુરુપયોગ અને ડ્રગ્સ (સલામત સ્થળ)નિયમનો 1973ના દુરુપયોગની સૂચિ વાકેફ રહેવું જોઇએ.

## ધી પોલિસ એક્ટ 1997

પોલીસ એક્ટ 1997નો ભાગ પાંચને એપ્રિલ 2002માં અમલી બનાવવામાં આવ્યો હતો. તે વ્યક્તિગતોને અને સંસ્થાઓને ગુન્હેગાર સંબંધિત માહિતી પ્રમાણપત્રો જારી કરવા માટે સ્કોટ્ટીશ ક્રીમીનલ રેકોર્ડ ઓફિસ પૂરી પાડે છે.

## ધી પબ્લિક ઇન્ટરેસ્ટ ડિસ્ક્લોઝર એક્ટ 1998

આ કાયદો ખોટા થવા અંગે અવાજ (બ્લો ધ વ્હીસલ) ઉઠાવે તેવા વર્કરોને રક્ષણ આપે છે. તેનું મુખ્યત્વે એમ્પ્લોયમેન્ટ રાઇટ્સ એક્ટ 1996માં સુધારામાં આ સ્વરૂપને લઇ જવાનું છે અને અને જેને રક્ષિત કરી શકાય તેવી વિવિધ પ્રકારની જાહેરાતો વિશ જોગવાઇ કરે છે. એવા સંજોગોમાં આ પ્રકારની જાહેરાત રક્ષિત હોય છે, અને જે વ્યક્તિઓ રક્ષિત હોય તેનો સમાવેશ થાય છે.

## ધી રેસ રિલેશન્સ એક્ટ 1976

આ કાયદો રોજગારી, સેવા આપવામાં, તાલીમમાં અને અન્ય વિસ્તારોમાં જાતિય ભેદભાવને ગેરકાયદે બનાવે છે.

## ધી રેસ રિલેશન્સ (એમેન્ડમેન્ટ) એક્ટ 2000

આ કાયદો જાહેર પ્રવૃત્તિઓ કે જેને અગાઉ આવરી લેવામાં આવી નથી તેમાં જાતિય ભેદભાવને ગેરકાયદે બનાવે છે. તે જાતિ સમાનતાને પ્રોત્સાહન આપવા માટે સામાન્ય ફરજ લાદે છે.

## ધી રેગ્યુલેશન ઓફ કેર (સ્કોટલેન્ડ) એક્ટ 2001

આ રાષ્ટ્રીય સંભાળ ધોરણોની સંભાળ રાખતા સંભાળ સેવાઓની નોંધણી અને નિરીક્ષણ સહિત સંભાળ સેવા નિયમનની નવી પદ્ધતિ સ્થાપિત કરે છે. વધુમાં આ કાયદો બે નવી રાષ્ટ્રીય સ્વતંત્ર સંસ્થાઓ સંભાળ સેવાઓના નિયમન માટે સ્કોટ્ટીશ કિમશન ફોર ધ રેગ્યુલેશન ઓફ કેર અને સામાજિક સેવા વર્કફોર્સના નિયમન માટે અને શિક્ષણ અને તાલીમને પ્રોત્સાહન આપવા માટે સ્કોટ્ટીશ સોશિયલ સર્વિસીઝનું સર્જન કરે છે.

માહિતી માટે તમે આ વેબસાઇટની મૂલાકાત લઇ શકો છો:

- ધી રેગ્યુલેશન ઓફ કેર (સ્કોટલેન્ડ) એક્ટ 2001
www.scotland-legislation.hmso.gov.uk/legislation/scotland/acts2001/20010008.htm

- ધી રેગ્યુલેશન ઓફ કેર (સ્કોટલેન્ડ) એક્ટ 2001 સ્ટેટરી ઇન્ટ્રુમેન્ટસ
www.scotland-legislation.hmso.gov.uk/legislation/scotland/s-200201.htm

## ધી રિહેબિલીટેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટ 1974

કાયદો પુનઃવસવાટના ગાળા બાદ કેટલાક સાબિત થયેલા ગુન્હેગારોને ફેંકાઇ ગયેલા કે તરછોડાયેલા લોકોને સહાય કરે છે. પુનઃવસવાટનો ગાળો ગુન્હેગાર ઠર્યાની તારીખથી નિશ્ચિત કરેલી સમયની લંબાઇ છે.

## ધી સેક્સ ડિસ્ક્રીમિનેશન એક્ટ 1975

સેક્સ ડિસ્ક્રીમિનેશન એક્ટ 1975 ભરતી, બઢતી અને તાલીમમાં લિંગ કે વૈવાહિક દરજ્જાના ધોરણે ભેદભાવ કરવાને ગેરકાયદે બતાવે છે.

આ કાયદામાં શિક્ષણ, નિવાસ, માલ અને સેવાઓ અને જાહેરાતની જોગવાઇઓનો પણ સમાવેશ થાય છે.

## પોલિસી

## એઇમીંગ ફોર એક્સેલન્સઃ મોર્ડનાઇઝીંગ સોશિયલ વર્ક સર્વિસીઝ ઇન સ્કોટલેન્ડ 1999

શ્વેતપત્ર બાળકો અને નુકસાનની સંભાવનાવાળા પુખ્તોના રક્ષણને મજબૂત બનાવવાની દરખાસ્તો નિશ્ચિત કરે છે અને ઉચ્ચ ગુણવત્તાવાળી સેવા પૂરી પાડવામાં આવે તેની ખાતરી રાખે છે. સંભાળના નિયમન માટે સ્કોટ્ટીશ કમિશન આ હેતુ માટે સ્થપાયેલ સ્વતંત્ર નિયમનકાર છે.

## અવર નેશનલ હેલ્થ 2000

આરોગ્ય યોજનાનો ઉદ્દેશ સ્કોટ્ટલેન્ડનું આરોગ્ય સુધારવાનો છે અને શ્રીમંત અને ગરીબ વચ્ચે આરોગ્યનો ગાળો પૂરવાનો અને રાષ્ટ્રીય સેવા તરીકે એનએચએસને પુનઃ શરૂ કરવાનો અને સંભાળ અને ધોરણોમાં સુધારો લાવવાનો છે.

## અન્ય ઉપયોગી સંદર્ભ સામગ્રી

*Best Value in Housing Care and Support: Guidance and Good Practice,*
Department of Employment Transport and the Regions (DETR), January 2001.

*Low intensity support: preventing dependency,* Joseph Rowntree Foundation (JRF) Foundations 159, January 1999.

*Low intensity support services: a systematic literature review,* Deborah Quilgars, The Policy Press, 2000.

Evaluation of Anchor Housing Corporation initiative on community care and housing for older people – publication pending.

*What price independence: Independent living and people with high support needs,* Ann Kestenbaum, The Policy Press, 1999.

*A life in the community: Home-Link – Supporting people with mental health problems in ordinary housing,* Deborah Quilgars, The Policy Press, 1988.

*That bit of help: The importance of 'low level' preventive services to older people,* Heather Clark, Sue Dyer and Jo Horwood, The Policy Press, 1988.

*Blurring the boundaries: A fresh look at housing and care provision for older people,* Christine Oldman, Pavilion Publishing, 2000.

*An ordinary home: housing and support for people with learning disabilities,*
Maurice Harker and Nigel King, IDEA Publications, 1999.

*Living Support Networks – the services provided by Keyring*, Ken Simons, Pavilion Publishing 1998.

*The Open House Programme for people sleeping rough: an evaluation,*
Nicholas Pleace, Centre for Housing Policy, 1998.

*Supporting people with acquired brain injury in their own homes,* Gail Cunningham, Moira Wilson and Sarah Whitely, The Policy Press, 1998.

*Supported accommodation for ex-offenders: Identifying effective practice,* Dr Gill McIvor and Mary Taylor, Department of Applied Social Science, University of Stirling, 1995.

*Between ambition and achievement: Young black disabled people's views and experiences of independence and independent living,* Tracey Bignall and Jabeer Butt, The Policy Press, 2000.

*Living independently with support,* Ann Douglas, Charlotte MacDonald and Mary Taylor, The Policy Press, 1998.